ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડી ફાળવવા અંગેની વહીવટી મંજૂરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૧૨૦૨૧/૮૮૫૮૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૦૯/૦૬/૨૦૨૧

<u>વંચાણમાં લીધા:-</u>

૧. વિભાગનો તા.૨૧/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ.

૨. ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા.૧૧/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંક:ડૉ.આંઅંવિનિ/૨૫૧/વહીવટ/૨૦૨૧/૭૪૬-૪૭.

૩. નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૦૮/૦૪/૨૦૨૧નો પત્ર ક્રમાંક:અજાક/મ/૬/૨૦૨૧/૧૬૬૯-૭૦

<u>આમુખ:-</u>

વંચાણે લીધેલ ક્ર:૦૧ પરના વિભાગના તા.૨૧/૦૯/૨૦૧૨ના ઠરાવથી બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડનું નિગમમાં રુપાંતર કરવામાં આવતા નિગમનું અધિકૃત શેર ભંડોળ રૂ.૧૦.૦૦ કરોડનું રહેશે, તેમજ દર વર્ષે રૂ.૧.૦૦ કરોડ ભરપાઇ થયેલ શેરમુડી નિગમના હવાલે મુકવાની રહેશે તેવી જોગવાઇ કરવામાં આવેલ છે. વર્ષ:૨૦૧૯-૨૦માં બજેટમાં રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડીની જોગવાઇ ન થતાં ઉક્ત વર્ષની રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડીની જોગવાઈ નવી બાબત તરીકે નાણાકીય વર્ષ:૨૦૨૧-૨૨માં કરવા વંચાણે લીધેલ ક્ર:૦૨ પરના ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ના તા.૧૧/૦૨/૨૦૨૧ના પત્રથી દરખાસ્ત કરેલ, જે અન્વયે રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડીની બજેટ જોગવાઈ વર્ષ:૨૦૨૧-૨૨માં કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્ર:૦૩ પરના તા.૦૮/૦૪/૨૦૨૧ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા રૂ.૧૦૦.૦૦ લાખની શેરમૂડી નિગમને ફાળવવા અંગેના વહીવટી હુકમ કરવા દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ:-</u>

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની ઉકત દરખાસ્ત પરત્વે નાણાંકીય વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે શેરમુડી પેટે કરવામાં આવેલ રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈ સામે રૂ.૧૦૦.૦૦ લાખની શેરમુડી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરને ફાળવવા નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૭. પ્રવતમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ:૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫, મુખ્ય સદર-૪૨૨૫-અનુસૂચિતજાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રે અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ, પેટા-સદર-SCW-39 ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) (શેરમૂડી ફાળો) હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૦/૦૫/૨૦૨૧ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રીનું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

7. મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કર્મયોગી ભવન, ગાંધીનગર.
8. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
10. પસંદગી ફાઇલ-૨૦૨૧.